ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# ... ને શનિવારે સવારે દ્વારકેશ રેસીડન્સીમાં આંસુનો દરિયો છલકાયો

**રાજસ્થાન દિવાળીની રજાઓ માણવા ગયેલ જુવાન જોધ દિકરાનું જયપુરમાં હૃદયરોગના હુમલામાં મોતના સમાચાર નટુભાઈ વ્યાસના પરિવાર પર આફતના પહાડ તૂટી પડ્યા : શનિવારે ૩૩ વર્ષીય બિપીન વ્યાસનો મૃતદેહ ગાંધીનગર લવાતા સમગ્ર વાતાવરણ ડુસકા ભરવા લાગ્યું...**

ગાંધીનગર, તા. ૯

જીંદગીનો ખેલ એક કોયડા સમાન છે. લાખ પ્રયત્ન કરો પણ તેને સમજી શકાય નહીં. હસતુ રમતુ જીવન અને સુખથી ભર્યો ભાદર્યો પરિવાર હોય અને બધુ જ સરળ રીતે, સરસ રીતે ચાલી રહ્યું હોય ત્યાં અચાનક જ કુટુંબના યુવા મોભી કોઈપણ પ્રકારનો અણસાર આપ્યા વિના જીવનમાંથી એક્ઝિટ લઈ અનંતયાત્રાએ ઉપડી જાય ત્યારે તેની પાછળ રહી જાય છે માત્ર વિલાપ કરતા તેના પરિવારજનો. દિકરાના હસ્તે અગ્નિદાહ મેળવવાની ઈચ્છા રાખનાર વયોવૃદ્ધ પિતાએ યુવાન દિકરાને મુખાગ્નિ આપવો પડે તેનાથી મોટી કરૂણતા કઈ હોઈ શકે ? માથે આભ ફાટ્યુ હોય તેવડી મોટી આફત ત્રાટકી છે. ગાંધીનગરના વેપારી અગ્રણી નટુભાઈ વ્યાસના પરિવાર પર મિત્રો અને પરિવાર સાથે વેકેશન માણવા માટે ગયેલા તેમના યુવાન પુત્ર બિપિન વ્યાસનું જયપુરમાં હૃદયરોગના હુમલાથી અણધાર્યુ અવસાન થતા વ્યાસ પરિવાર પર આભ તુટી પડ્યું છે. તેમના મૃતદેહને આજે સવારે તેમના નિવાસસ્થાન વાવોલના દ્વારકેશ રેસીડન્સી ખાતે લાવવામાં આવ્યો ત્યારે સમગ્ર વાતાવરણ જાણે ડુસકા ભરતું હોય તેવું લાગતુ હતુ. ઉપસ્થિત સૌ કોઈની આંખો આંસુઓથી છલકાઈ ઉઠી હતી.



ગાંધીનગરના વેપારીજગતમાં જાણીતા એવા નટુભાઈ વ્યાસ હાલમાં વાવોલની દ્વારકેશ રેસીડન્સીમાં રહે છે. પુત્ર બિપિન વ્યાસ, પુત્રવધૂ કોમલ વ્યાસ અને પૌત્ર સાથે હસતુ રમતુ જીવન વિતાવતા નટુભાઈએ ક્યારેય કલ્પના પણ નહી કરી હોય કે તેમનો આવો ગોઝારો દિવસ જોવો પડશે. બેસતા વર્ષના દિવસે સૌ વડીલોના આશીર્વાદ લઈ બિપિન વ્યાસ અને તેમનો પરિવાર અન્ય પાંચ મિત્રોના પરિવાર સાથે રાજસ્થાનના પ્રવાસે નીકળ્યા હતા. બધા જ મિત્ર પરિવારો હસતા રમતા રાજસ્થાનના વિવિધ પ્રવાસન સ્થળોની મુલાકાત લઈ જયપુરમાં રોકાયા હતા. ગઈકાલે સવારે ચા-નાસ્તો કર્યા બાદ બધા જ પરિવારો મોજમસ્તી કરતા ટોળટપ્પા કરી રહ્યા હતા ત્યારે અચાનક જ બિપિનભાઈને પરસેવો થવા લાગ્યો હતો અને તેમની તબીયત બગડવા લાગી હતી. તેઓને તુરંત જ સ્થાનિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા પરંતુ ત્યાં સુધી તો બિપિનભાઈનું પ્રાણપંખેરૂ ઉડી ગયુ હતું. કેમ્બેમાં એરિયા મેનેજર

● અનુસંધાન પાન-૨ પર



(તસવીર : દિપક જાની)

ભાજપ સ્નેહમિલન - ગાંધીનગર મહાનગર ભાજપના કાર્યકરોનું સ્નેહમિલન ટાઉન હોલ ખાતે યોજાયું હતું. નવા વર્ષ નિમિત્તે યોજાયેલ સ્નેહમિલનમાં લોકસાહિત્ય અને લોકસંગીતનો કાર્યક્રમ યોજાયો હતો. સ્નેહમિલન સમારંભમાં મોટી સંખ્યામાં પક્ષના હોદેદારો, કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા અને નવા વર્ષની શુભેચ્છા પાઠવી હતી.

# ગાંધીનગરના બજારો ધમધમ્યા

**સાતમનું મુર્હુત કર્યા બાદ મોટાભાગની દુકાનો ખુલી ગઈ : સુમસામ માર્ગો પર અવરજવર વધતા જનજીવનમાં ચેતના આવી ગઈ**

ગાંધીનગર, તા.૯

દિવાળીના દિવસથી બંધ રહેલી દુકાનો આજે સાતમનું મુર્હુત કર્યા બાદ ખુલી ગઈ હતી. છેલ્લા એક અઠવાડીયાથી બંધ રહેલા વેપાર ધંધા આજે શરૂ થઈ જતા નગરમાં જાણે ચેતના આવી ગઈ છે. બજારો પુનઃ ધમધમવા માંડયા છે.


દિવાળીનું વેકેશન આ વખતે લંબાયું હતું. દિવાળીના દિવસે ચોપડા પુજન કર્યા બાદ વેપારીઓ મોટા ભાગે લાભપાંચમે મુર્હુત કરી ધંધો રોજગાર શરુ કરી દે છે. પરંતુ આ વર્ષે લાભપાંચમે સારું મુર્હુત ન હોવાથી વેપારીએ વધુ બે દિવસ રજા પાડી સાતમનું મુર્હુત કર્યું હતું. બજારો બંધ રહેતા છેલ્લા એક અઠવાડિયાથી શહેર જાણે સાવ સુમસામ થઈ ગયું હતું. માર્ગો પર વાહનોની અવરજવર સાવ સિમિત બની ગઈ હતી. શહેરમાં જાણે સ્વયંભૂ કર્ફ્યુ જેવો માહોલ છવાઈ ગયો હતો. આજે વેપારીઓએ અને નાના મોટા ધંધાર્થીઓએ સાતમનું મુર્હુત કર્યું હતું. દુકાનો અને શોરૂમ્સ શરૂ થઈ જતા નગરના માર્ગો પર પુનઃ ચહલપહલ દેખાઈ હતી. નગરનું જનજીવન ધબકવા માંડયું હતું.

# દિવડાઓના દિવ્ય પ્રકાશથી ઝગમગતું અક્ષરધામ ભાવિકોમાં આકર્ષણનું કેન્દ્ર

**સપ્તાહમાં એક લાખથી વધુ ભાવિકોએ રોશની નિહાળી**

ગાંધીનગર, તા.૯

દિવડાઓની જગમગાટથી અંતઃકરણમાં અજવળા પાથરતા દિવાળીના પર્વ દરમિયાન અક્ષરધામ મંદિરમાં દિવડાઓની જયોતનો દિવ્ય પ્રકાશ આકર્ષણનું કેન્દ્ર બનેલ છે. છેલ્લા એક સપ્તાહ દરમિયાન અંદાજિત ૧ લાખથી વધુ ભાવિકોએ આ દર્શનનો લાભ લીધો છે. દિવ્ય ઉજાસ પથરાતા મંદિર સંકુલનો ભવ્ય નઝારો જોવા અમદાવાદ સહીતના શહેરોમાંથી ભાવિકોની ભીડ ઉમટી પડે છે. એસ.ટી.તંત્ર દ્વારા પણ વધારાની બસ સેવા ગોઠવવામાં આવી છે. આજે રવિવારે રજાના દિવસે પણ અક્ષરધામ-અમદાવાદ વચ્ચે આ બસ સેવા ચાલુ રહેશે.



રાત્રિના ઘનાઘોર અંધારાનો ઉલેચીને નવા વર્ષની સુપ્રભાત માટે અજવાળા પાથરતા દિવાળીના પર્વમાં દિવડાઓના પ્રકાશ અને રંગબેરંગી રોશનીનું અનોખું મહત્વ છે. શહેરના સેકટરોની ગલીઓથી લઈ કોમર્શિયલ કોમ્પ્લેક્ષ સહિતના બિલ્ડીંગો પર રાત્રિના સમયે રંગબેરંગી રોશનીનો શણગાર જોવા મળે છે. બીજી તરફ શહેરના ધાર્મિક સ્થળો પંચદેવ મંદિર તેમજ અક્ષરધામ સંકુલ પણ રોશનીથી જગમગતું જોવા મળે છે. છેલ્લા એક સપ્તાહથી દિવ્ય પ્રકાશ પાથરતા અક્ષરધામ સંકુલે અનોખું આકર્ષણ જમાવ્યું છે. સપ્તાહ દરમિયાન એક લાખથી વધુ ભાવિકોએ દર્શનનો લાભ લઈ રોશનીની ઝગમગાટ નિહાળી છે. એસ.ટી.તંત્ર દ્વારા પણ અક્ષરધામ રોશની દર્શન માટે આવતા ભાવિકો માટે વધારાની બસ સેવા ગોઠવવામાં આવી છે. આજે છેલ્લા દિવસે પણ નાગરિકોને યોગ્ય બસ સેવા મળી રહે તેવું આયોજન કરવામાં આવ્યું છે.




























Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com